પેજ3

## અજય દેવગણ બર્થ-ડે: અજય દેવગણના બંગલાની બહાર ચાહકોની ભીડ ઊમટી



મુંબઈ, તા. 2: બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સિંઘમ એટલે કે અજય દેવગણ આજે પોતાનો 55મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આ પ્રસંગે સવારથી જ તેમના માટે અભિનંદનનું પૂર આવ્યું હતું. આ સીરિઝમાં સુપરસ્ટારના બંગલાની બહારથી એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને સ્પષ્ટ થાય છે કે અજયના ફેન્સ તેના બંગલાની બહાર એકઠા થઈ ગયા હતા. અભિનેતાએ પણ ચાહકોને નિરાશ કર્યા ન હતા અને બહાર આવીને તેમનું અભિવાદન કરતા જોવા મળ્યો હતો.

અજય દેવગણ કલાકો સુધી બહાર એકઠા થયેલા ચાહકોને મળવા બહાર આવ્યો અને હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું હતું. તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અભિનેતાના વાયરલ વીડિયો સાથેના કેપ્શનમાં લખ્યું છે કે, 'સિંઘમના ચાહકો તેમના નિવાસસ્થાન શિવ શક્તિની બહાર તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે એકઠા થયા હતા. બર્થડે બોય અજય દેવગણ તેના ચાહકોને મળ્યો અને જન્મદિવસની શુભેચ્છાઓ સ્વીકારીને હાથ જોડીને પોઝ આપ્યો હતો.

## ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીમાં યુવાનોને મતદાન માટે જાગૃત કરવા આયુષ્માન ખુરાનાની નિયુક્તિ કરી



નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં યુવાનોને મતદાન કરવા વિનંતી કરવા માટે અભિનેતા આયુષ્માન ખુરાનાને નિયુક્ત કરવામાં આવ્યો છે.

39 વર્ષીય અભિનેતા ઈસીઆઈના પ્રચાર વીડિયોમાં જોવા મળે છે જે યુવાનોને આગામી ચૂંટણીઓમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે.

'અંધાધુન', 'ડ્રીમ ગર્લ', 'બરેલી કી બરફી' અને 'દમ લગા કે હઈશા' જેવી વિવેચકો દ્વારા વખાણાયેલી ફિલ્મો માટે જાણીતા ખુરાનાએ કહ્યું કે દેશનું ભવિષ્ય નક્કી કરવામાં યુવાનો ભાગ લે તે આવશ્યક છે.

ખુરાનાએ કહ્યું કે, ''દરેક વ્યક્તિએ મતદાન કરવું જોઈએ અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં ભાગ લઈને જાગૃત નાગરિક બનવું જોઈએ. દેશનું પ્રતિનિધિત્વ કરનાર સંસદમાં આપણી જરૂરિયાતોનું પ્રતિનિધિત્વ કરનાર નેતાઓને પસંદ કરવાની સત્તા આપણી પાસે છે.''

ખુરાનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''દરેક મત કિંમતી છે અને દરેક મત મહત્ત્વપૂર્ણ છે. મતદાન એ આપણા જેવા લોકતાંત્રિક રાષ્ટ્રમાં સશક્તિકરણનું પ્રતીક છે.''

લોકસભાની ચૂંટણી 19 એપ્રિલથી સાત તબક્કામાં યોજાવાની છે. મતગણતરી 4 જૂને હાથ ધરવામાં આવશે.

## જમ્મુ-કાશ્મીરના પૂંચમાં આતંકી ઠેકાણાનો પર્દાફાશ

મેંધર/જમ્મુ, તા. 2 (પીટીઆઈ) અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, કેટલાક શંકાસ્પદ લોકોની હિલચાલ અંગેની સૂચના પર કાર્યવાહી કરતાં સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (એસઓજી), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને રાષ્ટ્રીય રાઈફલ્સ દ્વારા મેંધર સબ-ડિવિઝનમાં તાવી અને અપર ગુરસાઈના જંગલ વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

ગુફામાં આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને કેટલાંક કપડાં અને ખાવાની વસ્તુઓ મળી આવી હતી. જોકે, કોઈ હથિયાર અને દારૂગોળો મળ્યો નથી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં સર્ચ ઓપરેશન ચાલુ છે, હજી સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

અધિકારીઓએ કહ્યું હતું કે, દરમિયાન, અન્ય એક ઘટનામાં જમ્મુના અરનિયા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલા ત્રેવા ગામમાં સ્થાનિક લોકોએ સોમવારે મોડી રાત્રે એક શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોનની હિલચાલની જાણ કરી હતી. જેના પગલે પોલીસ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, ઓપરેશન દરમિયાન કોઈ સામગ્રી મળી ન હતી.

## દિલ્હીના સદર બજારમાં રહેણાક મકાનમાં આગ લાગતાં બે બહેનોના શ્વાસ રૂંધાવાથી મોત

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ઉત્તર દિલ્હીના સદર બજાર વિસ્તારમાં એક રહેણાક મકાનમાં આગ લાગતાં 14 વર્ષની છોકરી અને તેની 12 વર્ષની બહેનનું શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું. એમ પોલીસે જણાવ્યું હતું.

ફાયર વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમને બપોરે 2.07 વાગ્યે આગ વિશે ફોન આવ્યો. પાંચ ફાયર ટેન્ડરોને સેવામાં મોકલવામાં આવ્યા હતા. આગ એક ઘરમાં હતી. ફાયર ફાઈટરોએ કેટલાક લોકોને ત્યાંથી બચાવ્યા હતા. અમે પોલીસને પણ જાણ કરી હતી."

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઉત્તર) મનોજ કુમાર મીનાએ જણાવ્યું કે, સદર બજાર પોલીસ સ્ટેશનના અધિકારીઓને આગ અંગે ફોન આવ્યો અને તેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

સદર બજારના ચમલિયા રોડ પર એક મકાન આગની લપેટમાં આવી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. ચાર ફાયર ટેન્ડરોએ આગને કાબૂમાં લીધી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ ઉમેર્યું હતું કે, ઈમારત ધુમાડાથી ભરેલી હતી અને બચાવ ટુકડીઓ ગેસ માસ્કનો ઉપયોગ કરીને ઘણી મુશ્કેલી સાથે તેમાં પ્રવેશવામાં સફળ રહી હતી.

મીનાએ જણાવ્યું હતું કે, બે છોકરીઓ - ગુલાશ્ના (14) અને અનાયા (12) - પહેલા માળના બાથરૂમમાં ફસાઈ ગઈ હતી. તેઓને બચાવીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કરી હતી.



» મધ્ય-પૂર્વ ફ્રાન્સના મોન્ટબાર્ડમાં ભારે વરસાદને કારણે પૂરગ્રસ્ત શેરી

# ઈસ્તંબુલ નાઈટક્લબમાં નવીનીકરણ દરમિયાન લાગેલી આગમાં 29ના મોત



ઈસ્તંબુલ, 2 એપ્રિલઃ ઈસ્તંબુલ નાઈટક્લબમાં મંગળવારે નવીનીકરણ દરમિયાન લાગેલી આગમાં ઓછામાં ઓછા 29 લોકોના મોત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ક્લબના મેનેજરો સહિત અનેક લોકોની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી હતી. ઓછામાં ઓછા એક વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી, તેમ ઈસ્તંબુલના ગવર્નરની કચેરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. માસ્કરેડ નાઈટક્લબ, જે નવીનીકરણ માટે બંધ કરવામાં આવી હતી, તે બોસ્ફોરસ દ્વારા વિભાજિત શહેરની યુરોપિયન બાજુએ બેસિક્ટાસ જિલ્લામાં 16 માળની રહેણાંક ઈમારતના ગ્રાઉન્ડ અને બેઝમેન્ટ માળ પર હતી. આગ કાબુમાં આવી હતી. ગવર્નર દાવુત ગુલે ઘટના સ્થળે પત્રકારોને જણાવ્યું હતું કે આગ લાગવાનું કારણ તપાસ હેઠળ છે અને પીડિતો નવીનીકરણ કાર્યમાં સામેલ હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓએ ક્લબના મેનેજરો અને નવીનીકરણના પ્રભારી એક વ્યક્તિ સહિત પાંચ લોકોની પૂછપરછ માટે અટકાયત કરી હોવાનું ન્યાય મંત્રી યિલમાઝ ટુનકે જણાવ્યું હતુ.



» જાપાન એરલાઈન્સ ગ્રુપના નવા ભરતી થયેલા કર્મચારીઓ ટોક્યોના હાનેડા એરપોર્ટ પર એક હેંગરમાં તેમના ભરતી સમારોહ દરમિયાન કાગળના વિમાનો ઉડાવી રહ્યા છે

## એપ્રિલ ફૂલ બનાવવા જતા અકસ્માતે ફાંસીએ લટકી ગયો

ઈન્દોર, તા. 2 મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક મિત્રને વીડિયો કોલ દરમિયાન ફાંસી લગાવીને આત્મહત્યા કરવાનો ઢોંગ કરતી વખતે 18 વર્ષીય વિદ્યાર્થીએ પોતાનો જીવ ગુમાવ્યા બાદ એપ્રિલ ફૂલ ડેની મજાક કરૂણાંતિકા બની ગઈ હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે અહીં પીડિતના ઘરે બની હતી અને તેની ઓળખ અભિષેક રઘુવંશી તરીકે થઈ હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. 1 એપ્રિલને એપ્રિલ ફૂલ ડે તરીકે ઉજવવામાં આવે છે જેમાં લોકો તેમના મિત્રો, પરિવાર અને સહકર્મીઓ પર યુક્તિઓ રમે છે. "રઘુવંશીએ સોમવારે તેના એક મિત્રને ગળામાં ફાંસો મારીને વીડિયો કોલ કર્યો હતો જેથી તેને આત્મહત્યા કરીને મૂર્ખ બનાવી શકાય. પરંતુ આ ટીખળ દરમિયાન, તે જે સ્ટૂલ પર ઊભો હતો તે અકસ્માતે લપસી ગયું અને તે ફાંસા સાથે લટકી ગયો , જેના કારણે તેનું મોત થયું હતું ", તેમ એડિશનલ ડેપ્યુટી પોલીસ કમિશનર રાજેશ દંડોતિયાએ જણાવ્યું હતું.

રઘુવંશી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસ. ડી. એમ.) ના ડ્રાઈવરનો પુત્ર હતો. ઘટના સ્થળને સીલ કરી દેવામાં આવ્યું છે અને વિદ્યાર્થીનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે, એમ દંડોતિયાએ ઉમેર્યું હતું. રઘુવંશીના મૃત્યુની તમામ એંગલથી તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## બરફથી ઘેરાયેલા લદ્દાખમાં ફસાયેલા આઈટીબીપીના ચાર વાહનોને બચાવાયા

લેહ, તા. 2 (પીટીઆઈ): ઝુરસારમાં 17,000 ફૂટની ઊંચાઈએ બરફમાં ફસાયેલા ચાર આઈટીબીપી વાહનોને મંગળવારે લદ્દાખમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના પ્રોજેક્ટ હિમાંકની એક ટીમ દ્વારા સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. એમ સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું.

સંરક્ષણ મંત્રાલયના ડિરેક્ટોરેટ ઓફ પબ્લિક રિલેશન્સના લેહના જનસંપર્ક અધિકારીએ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ હિમાંકની બોર્ડર રોડ્સ ટાસ્ક ફોર્સ (બીઆરટીએફ) ટીમે બચાવ કામગીરી હાથ ધરી હતી અને આપત્તિ ટાળી હતી.

લેહ સ્થિત સંરક્ષણ પ્રવક્તાએ બરફથી ઘેરાયેલા વિસ્તારમાં બચાવ કામગીરીની કેટલીક તસવીરો શેર કરતાં જણાવ્યું હતું કે, "આઈટીબીપીના ડિસ્ટ્રેસ કોલના જવાબમાં 755 બીઆરટીએફ ટીમ - પ્રોજેક્ટ હિમાંક લેહએ આપત્તિને ટાળી, ઝુરસારમાં 17,000 ફૂટ પર ફસાયેલા ચાર વાહનોને બચાવવા માટે ભારે હવામાનમાં સંસાધનો એકત્રિત કર્યા."

અધિકારીએ જણાવ્યું હતું કે, ચાર વાહનોમાં કેટલા ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના કેટલા જવાનો મુસાફરી કરી રહ્યા હતા તે તાત્કાલિક જાણી શકાયું નથી.

## ભાજપની જાહેરાત ઝુંબેશ સામે કોંગ્રેસે ચૂંટણી પંચને ફરિયાદ કરી

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): કોંગ્રેસે મંગળવારે ભાજપની જાહેરાત ઝુંબેશ સામે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તે કાપેલા અને વિકૃત વીડિયોના ઉપયોગ દ્વારા વિરોધ પક્ષને બદનામ કરી રહી છે અને ચૂંટણી સંસ્થાને લેખકો સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી.

કોંગ્રેસે પણ કોંગ્રેસના અભિયાનને અબજોપતિ ફાઈનાન્સર જ્યોર્જ સોરોસ સાથે જોડવાના ભાજપના દુર્ભાવનાપૂર્ણ પ્રયાસો સામે પણ ફરિયાદ નોંધાવી હતી.

એઆઈસીસીના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે, "ભાજપ દ્વારા કોંગ્રેસને બદનામ કરવા માટે કાપેલા અને વિકૃત વિડિયોના વારંવાર અને દૂષિત ઉપયોગ સામે પક્ષે ફરિયાદ નોંધાવી હતી. ચૂંટણી પંચને આ નિમ્ન-સ્તરની ઝુંબેશના લેખકો સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરવામાં આવી હતી.

મંગળવારે સલમાન ખુર્શીદ, પવન ખેરા અને ગુરદીપ સપ્પલ સહિત પક્ષના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચને મળ્યું હતું અને તેમને તેમની ફરિયાદોનું મેમોરેન્ડમ સોંપ્યું હતું.

રમેશે કહ્યું, "કોંગ્રેસ પાર્ટીએ કોંગ્રેસના અભિયાનને જ્યોર્જ સોરોસ સાથે જોડવાના ભાજપના દૂષિત પ્રયાસો સામે ફરિયાદ નોંધાવી છે."

## છત્તીસગઢમાં સુરક્ષા કર્મચારીઓ સાથેની અથડામણમાં 10 નક્સલવાદીઓ ઠાર; હથિયારો જપ્ત

રાયપુર, તા. 2 (પીટીઆઈ): એક મોટી બળવાખોરી વિરોધી કામગીરીમાં મંગળવારે છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા કર્મચારીઓ સાથેની અથડામણમાં એક મહિલા સહિત 10 નક્સલવાદીઓ માર્યા ગયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

બીજાપુર જિલ્લો બસ્તર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે, જ્યાં 19 એપ્રિલે સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન થશે.

ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (બસ્તર રેન્જ) સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે, ગંગલુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લેન્દ્રા અને કોરચોલી ગામો વચ્ચેના જંગલમાં સવારે 6 વાગ્યાની આસપાસ અથડામણ થઈ હતી, જ્યાં સુરક્ષા કર્મચારીઓની એક સંયુક્ત ટીમ નક્સલ વિરોધી કામગીરી પર હતી.

ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને તેની ચુનંદા એકમ કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન (સીઓબીઆરએ) સાથે જોડાયેલા કર્મચારીઓ ઓપરેશનમાં સામેલ હતા. એમ અધિકારીએ જણાવ્યું હતું.

આઈજીએ જણાવ્યું હતું કે, "ગોળીબારી બંધ થયા પછી ઘટનાસ્થળ પરથી ચાર નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા અને ત્યાર બાદ શોધ દરમિયાન એન્કાઉન્ટર સ્થળ પર વધુ છ મૃતદેહો મળી આવ્યા હતા."

આઈજીએ જણાવ્યું હતું કે, એક લાઈટ મશીન ગન (એલએમજી), એક .303 રાઈફલ, 12-બોર બંદૂક, મોટી સંખ્યામાં બેરલ ગ્રેનેડ લોન્ચર અને શેલ અને અન્ય શસ્ત્રો અને દારૂગોળો પણ સ્થળ પરથી જપ્ત કરવામાં આવ્યો હતો.

આઈજીએ કહ્યું કે, આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

અધિકારીએ કહ્યું, "નક્સલવાદીઓની ઓળખ હજી સુધી કરી શકાઈ નથી, પરંતુ પ્રાથમિક દૃષ્ટિએ એવું લાગે છે કે તેઓ માઓવાદીઓની પીએલજીએ (પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી) કંપની નંબર 2ના હતા."